સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં પ્રવેશોત્સવ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને ધોરણ-૧માં પ્રવેશ ટાણે ટોપીઓ પહેરાવી, કુમકુમ-ચોખાથી તિલક કરી, મીઠું મોઢું કરી આવકારવામાં આવી હતી. આચાર્યએ સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થિનીઓને શુભકામનાઓ પાઠવી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં

## "સંઘર્ષ સે શિખર તક" વિષયે વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વના યુવાનો માટે "સંઘર્ષ સે શિખર તક" વિષય પર એક ખાસ વ્યાખ્યાન એસ.કે. પટેલ બિલ્ડીંગ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજાયું જેમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. વ્યાખ્યાનમાં વક્તા તરીકે ભારત - મ્યાનમાર ચેમ્બર ઓફ કોમર્સ, આર્ટ ઓફ લીવીંગ અને મ્યાનમાર હિન્દી ન્યુઝ ચેનલનાં પ્રતિનિધિ એવા રવીન્દ્ર જૈન ઉપસ્થિત રહ્યા હતા.

યુવાનોને "સંઘર્ષ સે શિખર તક" વિષય પર વાત કરતા રવીન્દ્ર જૈને જણાવ્યું હતું તેમનો જન્મ ઉત્તરપ્રદેશના અતિ સામાન્ય પરિવારમાં થયો હતો પરંતુ નિશ્ચિત લક્ષ્ય અને અથાક પરિશ્રમનાં કારણે આજે ચાર કંપનીના માલિક અને આંતરાષ્ટ્રીય સંસ્થાઓમાં પોતાની સેવા આપે છે. યુવા વર્ગને ધ્યાનમાં રાખી કહ્યું કે મેહનતનો કોઈ વિકલ્પ નથી, બીજા લોકો સાથે પોતાને ક્યારેય સરખાવશો નહિ પરંતુ જાત સાથે સ્પર્ધા કરો, જે કરો તે ૧૦૦% સાથે શકો, નિર્જિવ વસ્તુ કરતા સજીવને વધુ મહત્વ આપવું જોઈએ, જીવનમાં નિયમતતા રાખો, શરીર અને મનને સ્વસ્થ અને પોતાની જાતને ખુશ રાખવા માટે દરરોજ કસરત કરો, ક્યારેય પ્રયત્ન છોડશો નહિ અને છેલ્લે ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે આજના યુવાનોને આગળ આવવા આહ્વાન કર્યું હતું અને ભારતીય હોવાની ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. આમ તેમના દ્વારા પોતાના જીવનનો નીચોડ રોમાંચક રીતે વ્યક્ત કર્યો હતો. વ્યાખ્યાનમાં ડો. વિજ્ઞા ઓઝા અને ડો. રણછોડ રથવીએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર વ્યાખ્યાન સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું, જેનું આયોજન અને સંચાલન ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી



ગાંધીનગર, તા. ૨૫

તૃતિય સાઉથ એશિયા ઓપન ટેક્વોન ડો સ્પર્ધાનું આયોજન તાલકટોરા સ્ટેડિયમ, દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. ભારત, ઉઝબેકિસ્તાન, મલેશિયા, નેપાળ, મડાગાસ્કર અને બાંગ્લાદેશ જેવા દેશોના કુલ ૩૦૦ સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે પૈકી દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિની હિયા સિસોદિયાએ ભારતનું પ્રતિનિધિત્વ કરતાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય અતનુ રથે તેને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

કોઈ સારો
કમ્પ્યુટર ઍન્જિનીયર
હોય તો મળે,
જેટલી વાર કમ્પ્યુટરમાં
માણસ.કૉમ
ઍન્ટર કરું છું,
કમ્પ્યુટર હેન્ગ થઈ જાય છે

## જન્મદિને વધામણી



વિવેક વિપુલભાઈ જોષી
મો. ૯૮૭૯૬ ૯૯૦૩૬



સંજય જે શાહ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોનો વિનંતી છે કે મોડામાં મોડી આ તાસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં યોજાયો પ્રવેશોત્સવ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૧માં પ્રવેશ લઈ રહેલાં બાળકોને કુમકુમ તિલક કરીને આવકારવામાં આવ્યાં હતાં. બાળકોએ વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદન કરી સ્કૂલમાં પ્રવેશ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત બાળકોએ સુંદર વેશભૂષામાં સજીને કાર્યક્રમને અનોખો રંગ બક્ષ્યો હતો. 'વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે' એવો સંદેશ આ પ્રસંગે શાળા દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો હતો. આચાર્ય, સુપરવાઈઝર્સ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવિ ઉજ્જવળ બને તથા તેઓ શાળા પરિવારનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## ગાંધીજીનો વિનોદ

॥ ૬૬મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

જેવું ગાંધીજીનું હાસ્ય ઘણાને ગૂઢ લાગે છે એવું જ લેનિનનું હાસ્ય હતું.

- ગગનવિહારી મહેતા

એમની લખવાની શૈલી, જે સીધી સચોટ નસ્તરની માફક કાપતી જણાય છે તેવી જ એમની જીવનગતિ છે. ને મર્મ ને ટોળ એ પ્રેસરવેટિવનું કામ કરે છે ને અત્યંત અને અગાધ મુલકની આપત્તિમાં એમને સજીવન રાખે છે.

- વિનાયક નંદશંકર મહેતા

મર્મ અને વિનોદમાં પૂરેપૂરા કુશળ.

- સ્નેહરશ્મિ





તેમની માનવતા પછી તેમની કોઈ શક્તિએ મને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધો હોય તો તે તેમની સૌથી સ્વાભાવિક અને આનંદથી ઊભરાઈ જતી હાસ્યની શક્તિ ! તેમની સાથે રમૂજ વિના ભાગ્યે જ કોઈ થોડી મિનિટ પણ વાત કરી શકે. અને એ વાતને અંતે તેઓ ખડખડાટ હસવાના જ ! મને લાગે છે કે અત્યંત કપરા અને કસોટીના કાળમાં તેઓ યુવાવસ્થાનું સનાતન જોમ અને ચેતનશક્તિ જાળવી રાખે છે તેનું મુખ્ય રહસ્ય તેમની આ હાસ્યવૃત્તિ છે.

મને આશ્ચર્ય થાય છે કે તેમનામાં આ વિનોદવૃત્તિ ન હોત તો કેટલીક ભયંકર અને કપરી કસોટીમાંથી તેઓ પસાર થયા છે તેમાંથી તેઓ પસાર થાત ખરા ?

- જી. રામચંદ્રન

એમના મુક્ત હાસ્યે કોણ જાણે કેટલાને મોહિત કરી દીધા હશે.

- ઘનશ્યામદાસ બિરલા

ખડખડાટ હસતાં તેઓ મારી તરફ આવ્યા.

- રોમાં રોલાં

ગાંધીજીનું હાસ્ય વિશ્વવિખ્યાત છે. એ મુક્ત હાસ્ય અદ્વિતીય છે. એ હાસ્યની શક્તિનું માપ નીકળી શકે એમ નથી. ઘણાં માણસો વિનોદ કરી શકે છે પણ સત્યનો ભંગ કર્યા સિવાય ગાંધીજીની માફક વિનોદ કરનારા કેટલા ?

- એક નમ્ર સેવક

દરેક વ્યક્તિ જાણે છે કે ગાંધીજીમાં તીવ્ર વિનોદશક્તિ હતી. તેઓ પોતાના ભોગે કે બીજાના ભોગે હસીને આનંદ માણતા.

- રજની સહાની



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# બાબુભાઈ નાયકના પ્રથમ કાવ્યસંગ્રહનું વિમોચન



ગાંધીનગર, તા. ૨૫

શ્રીમતી માણેકબા હાયર સેકન્ડરી સ્કૂલના નિવૃત્ત શિક્ષક કવિ બાબુ નાયકના ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત પ્રથમ કાવ્ય સંગ્રહ 'હાલ્યને સૈયર'નું વિમોચન અડાલજની માણેકબા સંસ્થામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિ અને વિવેચક નગીનચંદ્ર ડોડીયાએ કવિતા એ કસબની કલા નથી. તીવ્ર અનુભૂતિઓનો આસત છે, કરૂણાનો કરિયાવર છે. તો અભરખાઓનું ઓઢણું છે ને સંવેદનનો સમંદર છે તેમ જણાવી દીકરીને અંબર જેટલું ઉત્કૃષ્ટ સ્થાતન આપીને કાવ્યસર્જનમાં દીકરીનો અલગ વિભાગ રાખી દીકરી પર હૃદયંગમ રચનાઓ કવિએ આપી છે, તેમ ઉમેર્યું છે.

ગઝલકાર કિશોર જીકાદરાએ ગ્રામ્ય પરિવેશ કવિની પસંદગીનું પ્રથમ ક્ષેત્ર જણાવી ગામ, ઘર, ફળિયું, નળીયા, વળીઓ, છાજલી, થાંભલા, ટોડલા, છાણ, પાદર, પશુપંખી, વૃક્ષવેલા, તળાવ, નદી, ખેતર અને વાડી જેવા ગ્રામીણ પરિવેશનું એક અનોખું વિશ્વ ખડું કર્યું છે તેમ જણાવ્યું તો મૂર્ધન્ય સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકે જણાવ્યું હતું કે ગોદડું પર કાવ્યની રચના કરનાર ગુજરાતના આ પ્રથમ કવિ છે. ડૉ. કેશુભાઈ દેસાઈએ કવિના પ્રથમ સંગ્રહથી જ પ્રસ્થાપિત થઈ શકે એવાં સંઘેડાઉતાર ગીતોની છાબ, ગઝલો, છંદોબદ્ધ કાવ્યો અને અછાંદસ કવિતાનો સંપુટ ગિરાગુર્જરીના ચરણે ધરવા અંગેની કવિની પહેલને બિરદાવી હતી.

કવિ બાબુ નાયકે પોતાના પ્રતિભાવમાં માદરે વતન સંખારીમાં આંગણામાંથી પસાર થતી એક નાની બાળાના શિરેથી મઘમઘતું ગુલાબનું ફૂલ સરી જતું જોયું ત્યારથી જ 'હાલ્યને સૈયર' કાવ્યસંગ્રહનું બીજારોપણ થયું હોવાનું જણાવ્યું હતું. કાવ્યસંગ્રહમાં પ્રથમ પાને મુકાયેલ નાયકની 'હાલ્યને સૈયર' કૃતિનું રસપાન કવિ અને પત્ની શારદાબેને એકસાથે મુખપાઠ સાથે કરાવતાં પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ડૉ. દલપત પઢિયારે જણાવ્યું હતું કે કવિતા એ શબ્દની સાધનાની પ્રવૃત્તિ છે. કવિતાના નામે લખાય છે ઘણું પણ કવિતા તરીકે લણી શકાય એવું ઉતરે છે બહુ ઓછું. અહીંયા કવિ પ્રસિદ્ધિ માટે નહીં પણ સર્જનના આનંદ માટેની કાવ્યપ્રવૃત્તિ કરનારા કવિતાના સાચા ચાહક છે. સંદેશના કૉલમ લેખક પ્રા. મહેન્દ્ર પરમારે સંસ્થાનો રસપ્રદ ઈતિહાસ રજૂ કરી ઈન્દુમતિબેન ચીમનલાલ શેઠ નિર્મિત માણેકબા વિનય શિક્ષણ સંકુલમાં યોજાયેલ વિમોચન કાર્યક્રમ અંકે આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ડિવાઈન પબ્લિકેશનના પ્રા. અમૃત ચૌધરી, દૂરદર્શનના પ્રશાંત જાદવ, આઈપીએસ ડૉ. મહેશ નાયક, સાહિત્યકાર મોહન પરમાર, નટવર હેડાઉ, સુરેશ રત્નોત્તર, સંજય થોરાત, દલપત ચૌહાણ, સંસ્થાના સૅક્રેટરી બિપીનભાઈ શાહ તથા વિશાળ સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

જીગર નાયક દ્વારાસત સૃષ્ટિ તાંડવ રચયિતા પ્રાર્થનાના ભાવવાહી ગાનથી કાર્યક્રનો શુભારંભ થયો હતો. સ્વાગત ગીત વિજયકુમાર જાદવે રજૂ કર્યું હતું. સંચાલન પ્રજ્ઞાબેન પટેલ અને આભાર દર્શન મયંક નાયકે કર્યું હતું.

## સ્મિત મ્યુઝિક દ્વારા મધુરાં ગીતોનો કાર્યક્રમ યોજાયો



સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા 'ઝુમતા મૌસમ જૂનકા, મજા લીજે મધુર આમકા' કાર્યક્રમ ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. હિન્દી ફિલ્મોનાં મધુરાં ગીતો આ કાર્યક્રમ અંતર્ગત સિનિયર સિંગર્સ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. ભીખાભાઈ પંચાલ, ધર્મેન્દ્ર ગજ્જર, બીજય તિવારીજી, નીરવ મજમુદાર, સુરેશભાઈ, કિરીટભાઈ, કિશોરભાઈ, અતુલ જોષી, નરેન્દ્ર સિંહ, જયાબેન પટેલ વગેરે ગાયકોએ ગીતોની મહેફિલ જમાવી હતી, જેમને જગતભાઈ કારાણી તરફથી મૂવી માટેની કપલ ટિકીટ્સ અને મધુર ડેરી તરફથી કેસર કેરીની પેટી ભેટમાં આપવામાં આવી હતી.